# એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૯ માં, અમદાવાદ.

## ફોજદારી કેસ નં.86689/2023

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુદ્ધ

**આરોપી:** આકાશ અશોકકુમાર જૈન

## ગુન્હો:– <u>ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબ</u>.

(૧) આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**<u>-: હુ ક મ :-</u>**

**૧.** આ કામના આરોપી-આકાશ અશોકકુમાર જૈનને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબના ગુના બદલ રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન-૦૫ (પાંચ) ની સાદી કેદની સજા તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

**૨.** કિમતી મુદ્દામાલ અથવા મોબાઈલ ફોન/વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તે બાબતે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ વેલ્યુબલ મુદ્દામાલ ના હોય તેવા મુદ્ધામાલનો અપીલ સમય વીત્યેથી ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :-૦૯/૦૯/૨૦૨૩
સ્થળ :-અમદાવાદ.

(કમલેશ એન.પ્રજાપતિ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
(Code: GJ00886)

**<u>કચેરી નોંધ:-</u>**

નામદાર અદાલતે તારીખ-૦૯/૦૯/૨૦૨૩ ના રોજ કરેલ હુકમ મુજબ દંડના રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પુરા) પહોચ નંબર-૧૦૭ થી આજરોજ સ્વીકારવામાં આવેલ છે.

X ............................
અધીકૃત કર્મચારી કોર્ટ નં.૧૯

હુકમ જોઈ ચકાસી ખરાઈ કરી અપલોડ કરેલ છે.
X ......................
અપલોડ કરનાર કર્મચારી કોર્ટ નં.૧૯